C.C.NO.1669-97
**આંક:૧ લગત હુકમ:**

**રેકર્ડ ને ધ્યાને લેતાં, આ કામના આરોપી વિરુધ્ધ નોંધાયેલ ફરીયાદના અનુસંધાને તપાસના અંતે હાલનુ ચાર્જસીટ રજુ થવા પામેલ છે. ચાર્જસીટ રજુ થયા બાદ આ કામના આરોપીને સમન્સ જારી કરતાં આરોપી તેમના વિ.વકીલશ્રી મારફતે હાજર થતાં આરોપીનું નિવેદન નોંધતા તેઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરતાં કામ ફરીયાદપક્ષના પુરાવા પર મુકવાં આવેલ અને ફરીયાદીને શાહેદ સમન્સ જારી કરતા મળી આવેલ ના હોવાના શેરા સાથે વગર બજે પરત આવવા પામેલ છે. આ કામના અન્ય શાહેદો પણ મળી આવતા નથી. આ કામે આરોપી વિરુધ્ધ આક્ષેપિત ગુનાનું સ્વરુપ ધ્યાને લેતાં સમન્સ ટ્રાયલ પ્રકારનો નજીવી સજાને પાત્ર ગુનાનો આક્ષેપ છે. ફરીયાદ પક્ષને હાજર થઈ પુરાવો રજુ કરવા પુરતી અને વ્યાજબી તક પુરી પાડવા છતાં ફરીયાદી શાહેદો રજુ કરી શકેલ નથી. અને ટુંક સમયમાં મળી આવે તેવી કોઈ જ શકયતા જણાતી નથી. અને કેસ છેલ્લા ધણા સમથી પેન્ડીંગ પડી રહેલ છે. તથા આરોપી છેલ્લા ધણા સમયથી કેસ કાર્યવાહીનો સામનો કરી રહેલ છે. તે સંજોગો તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ: ૨૫૮ ની જોગવાઈઓ ધ્યાને લેતાં આરોપી વિરુધ્ધની હાલની ઈન્સાફી કાર્યવાહી પડતી મુકી આરોપીને મુકત કરવા હુકમ કરવામાં આવે છે.**

**આ કામે કોઈ રોકડ રકમ જામીનગીરી તરીકે જમા કરાવી હોય તો આરોપીને પરત કરવી. કોઈ મુદ્દામાલ હોય અને તે અંગે અગાઉ કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો આથી કાયમ કરવામાં આવે છે. અન્ય કોઈ બીનકિંમતી મુદ્દામાલ હોય તો સરકાર ખાતે ખાલસા કરી નિયમ મુજબ નાશ કરવો.**

**તા.૯/૩/૧૯**

**આર.બી.સોલંકી**
**એડી.ચીફ.મેટ્રો.મેજીસ્ટ્રેટ**
**કોર્ટ નં.૭,અમદાવાદ.**

આરોપી વિરુધ્ધ સમન્સ ટ્રાયેબલનો કેસ છે. આરોપીને પ્રોસેસ ઈસ્યુ કરવા છતાં તે બજે અથવા વગર બજે પરત આવેલ નથી.

૨. આ કામે કલમઃ ૨૫૮ વંચાણે લેતાં , આરોપી સામેના કેસની કાર્યવાહી બંધ કરવાની સત્તા પ્રથમ વર્ગના મેજીસ્ટ્રેટ અથવા ચીફ.જયુડીશીયલ મેજીસ્ટ્રેટની પૂર્વ મંજુરીથી અન્ય કોઈ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ચુકાદો ધોષિત કર્યા સિવાય તેના કારણો નોંધીને કોઈ પણ તબકકે કાર્યવાહી બંધ રાખી શકવાની સત્તા આપવામાં આવેલ છે. વધુમાં જો મુખ્ય શાહેદોનો પુરાવો નોંધ્યા બાદ કાર્યવાહી બંધ રાખવામાં આવે , તો આરોપીને નિદોર્ષ ઠરાવી મુકત કરવો જોઈએ અને અન્ય કોઈ કીસ્સામાં આરોપીને છોડી મુકશે અને આવા છુટકારાથી બીનતહોમત મુકત કરવામાં આવે, એવી અસર થશે. આ કલમ પરથી એ પણ સપષ્ટ થાય છે કે, જયારે મુખ્ય શાહેદનો પુરાવો લેવાયો નહોય, તો આરોપીને મુકત કરવામાં આવે. ત્યારે બીનતહોમત મુકત કરવામાં આવ્યા હોય, તેવી અસર થાય છે અને તે કારણે આરોપી સામે ભવિષ્યમાં નવેસરથી કાર્યવાહી આગળ ચલાવી શકાય અને ત્યારે આરોપી સામે ફોજદારી કાર્યરીતી અધિનિયમ કલમઃ ૩૦૦(૧) અને (૫) નો બાધ આવશે નહી. વધુમાં આ કલમથી અદાલતને પ્રોસીડીંગસ રીવાઈઝ કરવાની પણ સત્તા આપવામાં આવેલ છે.

૪. આમ ઉપરોકત કાયદાકીય જોગવાઈ તેમજ હાલના આરોપી સામેનું સમગ્ર ચાર્જસીટ ધ્યાને લેતાં આરોપી સમન્સ ટ્રાયેબલ ગુનાનો આક્ષેપ છે. હાલના કેસની કાર્યવાહી , ફરીયાદ કલમઃ ૨(ધ) પરથી શરુ થયેલ નથી. રેકર્ડ જોતાં , આરોપીને પ્રોસેસ કરવા છતાં બજેલ કે વગર બજેલ પરત આવેલ નથી. તેવા સંજોગોમાં હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી કાયદા મુજબ આગળ ચલાવવી ન્યાયના હીતમાં ઉચીત જણાતી ન હોઈ, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

–: આખરી હુકમઃ–

હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી , ફોજદારી કાર્યરીતી અધિનિયમ ની કલમઃ ૨૫૮ હેઠળ બંધ કરી, આરોપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૧૧ મી માહે સપ્ટેમ્બર સને ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

( હિતેશ.જે.તન્ના )
અમદાવાદ એડી.ચીફ. મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૯,અમદાવાદ.
કોડ નં. જી.જે.૦૦૯૫૫